# મોડાસાના ખાતે 'શહેરી જનસુખાકારી દિવસ' કાર્યક્રમ યોજાયો

## જન જનની સુખાકારી માટે રાજ્ય સરકાર કામ કરવા કટીબદ્ધ છે : અરવલ્લી મોડાસા નગરપાલિકાને રૂ. ૧.૫૦ કરોડ તથા બાયડ નગરપાલિકાને રૂ. ૫૦ લાખના ચેકનું વિતરણ કરાયું

બાયડ તા.૮

રાજય સરકારના સુશાસનના ૭ મી ઓગસ્ટ ૨૦૨૧ના પાંચ વર્ષ પૂર્ણ થયા. જે અંતર્ગત રાજય સરકારના ૮ મી ઓગસ્ટના રોજ તેમના સુશાસનના છટ્ઠા વર્ષના પ્રથમ દિવસે 'શહેરી જનસુખાકારી દિવસ' કાર્યક્રમ નિમિત્તો અયોજીત રાજયની નગરપાલિકા તથા મહાનગરપાલિકાઓના સર્વાંગી શહેરી વિકાસના કામો માટે અમદાવાદ ખાતેથી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે રૂ.૧૦૦૦ કરોડના ચેક વિતરણ તથા રૂ.૫૦૦૦ કરોડના કામોનું લોકાર્પણ તથા ખાતમુહર્ત રાજયના ૪૧ સ્થળો પરથી કરાયા.

જે અંતર્ગત અરવલ્લી જીલ્લાના મોડાસાના મહાલક્ષ્મી ટાઉન હોલ ખાતે મહિલા અને બાળ કલ્યાણ, શિક્ષણ મંત્રીશ્રી વિભાવરીબેન દવેની ઉપસ્થિતિમાં ઉપસ્થિતિમા "શહેરી જનસુખાકારી દિવસ' કાર્યકમ યોજાયો. જેમાં મોડાસા નગરપાલિકાને રૂ. ૧.૫૦ કરોડ તથા બાયડ નગરપાલિકાને રૂ. ૫૦ લાખના ચેકનું વિતરણ કરાયું.

આ પ્રસંગે મહિલા અને બાળ કલ્યાણ, શિક્ષણ મંત્રીશ્રી વિભાવરીબેન દવેએ જણાવ્યું કે,૧ થી ૯ દિવસના સેવાયજ્ઞનો આજે ૮ મો દિવસ છે. જે અંતર્ગત સરકાની ૫ વર્ષની કરેલ વિવિધ યોજનાઓની કામગીરી અર્થે આજે આપણે એકત્રિત થયા






છીએ. સરકાર ૫ પાંચ વર્ષ પહેલાં રાજયની ધુરા સાંભળી હતી. સરકારની વિવિધ યોજનાઓનો લાભ જે પ્રજા સુધી નથી પહોંચ્યો તેવા છેવાડાના માનવીને સરકારની દરેક યોજનાઓનો લાભ મળવો જોઈએ. સરકાર રોટી, કપડા, મકાન, જેવી વ્યવસ્થા જન-જન આપવા માટે સરકાર હરહંમેશ કટીબદ્ધ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અનેક પ્રકારના કાર્યક્રમો કરીને લોકોને ઉપયોગી સુચનો અને માર્ગદર્શન પૂરું પાડતા હોય છે. તેમના નેતૃત્વ હેઠળ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ ગુજરાતને શ્રેષ્ઠ માંથી સર્વશ્રેષ્ઠ બનાવા માટે કોઈ કસર બાકી રાખી નથી.


તેમણે જણાવ્યું કે, મોડાસા નગરપાલિકા વિસ્તારમાં સરકારશ્રી તરફથી છેલ્લા પાંચ વર્ષમાં વિવિધ યોજનો હેઠળ અંદાજે રૂ.૩૫ કરોડથી વધુ ગ્રાન્ટ મળેલ છે. જેમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના જન ભાગીદારી ૧૪મુ તથા મુ નાણાપંચ વગેરે સમાવેશ થાય છે. આ ગ્રાન્ટમાંથી નગરના સર્વાંગી વિકાસ માટે ૧૪.૮૮કિ.મી. રોડ નેટવર્ક, ૪૨.૪૮ કિ.મી. વરસાદી પાણી નિકાલ ગટર, પાણી પુરવઠા યોજના તેમજ આશ્રયસ્થાન, પ્રવાસન, બાગ બગીચા, આંગણવાડીઓ જેવા વિવિધ કામો પૂર્ણ કરી નગરજનો સુધી સુવિધા પહોંચાડી છે. મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે મોડાસામાં પીવાના પાણીના પ્રશ્નોના નિકાલ અર્થે રૂ.૨૨.૭૦ કરોડ જેટલી રકમ પીવાના પાણીના ઓગમન્ટેશન પ્રોજેક્ટનું ખાત મુહર્ત કરાયુ છે.

તેમણે ઉમેર્યું કે, સરકારે સ્વર્ણિમ યોજનાઓ, પ્રધાન મંત્રી આવાસ યોજના, નલ સે જલ યોજના, સરકારી યોજના મિશન, ગંગા સ્વરૂપા વિધવા સહાય યોજના, વ્હાલી દીકરી યોજના, ગંગા સ્વરુપા પુનઃલગ્ન યોજના, સખી વન સ્ટોપ સેન્ટર યોજના, ભૂગર્ભ ગટર યોજના, વતન પ્રેમ યોજના, સાત પગલા ખેડૂત કલ્યાણ યોજનાં, જ્યોતિ ગ્રામ યોજના, કિસાન સૂર્યોદય યોજનાં જેવી અનેકવિધ યોજનાઓ હેઠળ અત્યાર સુધીમાં અનેક લોકોને લાભ મળ્યો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની ૧૦૦ સ્માર્ટસીટી પ્રોજેક્ટમાં અનેક નગરોનો સમાવેશ કરીને તેના વિકાસના દ્વાર ખોલી નાખ્યાં છે. પ્રધાન મંત્રી આવાસ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૮.૫૫ કરોડની સબસીડી સરકાર દ્વારા આપવામાં આવી છે. ૧૪.૫૮ કરોડની ગ્રાન્ટ સરકારે પાલિકાઓ અને કોર્પોરેશનોને ફાળવણી કરી છે.

આ પ્રસંગે જીલ્લા સંગઠન પ્રભારી શ્રીમતી જયશ્રી બેન તથા મોડાસા નગરપાલિકા પ્રમુખ શ્રીમતી જલ્પા ભાવસારે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું.

આ પ્રસંગે પ્રાદેશિક કમિશ્નરશ્રી ડી.કે.પારેખ, જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીના, જીલ્લા અગ્રણીશ્રી રાજેન્દ્ર પટેલ, જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવટિયા, બાયડ નગરપાલિકા પ્રમુખશ્રી સ્નેહલભાઈ, ચીફ ઓફિસર સાવી બેન સોની, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, મહિલા બાળ વિકાસ ચેરમેનશ્રી રમીલાબેન, કારોબારી ચેરમેનશ્રી ભગવતીબેન, ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી



ક્રિશ સંજયભાઈ શાહ
(કોટીયર્ક સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



પંથ સથવારા
ડેમાઈ, તા.બાયડ



દર્શન વી. ચૌધરી
(પ્રોફેસર : ઈડર સાયન્સ કોલેજ)
(વ્રજભૂમિ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



આન પટેલ
(સિંચાઈ ઈજનેર)
મોડાસા, જિ.અરવલ્લી



નિર્દોષ પટેલ
(પ્રા. શિક્ષક)
દખણેશ્વર, તા.બાયડ



શ્વેતાબેન ચેતનભાઈ પટેલ
ગાબટ, તા.બાયડ



એડવોકટ કનુભાઇ ભરવાડ
મોડાસા, જિ.અરવલ્લી



ભોલાભાઈ બી. પટેલ
આકરૂન્દ, તા.ધનસુરા



વિરેન્દ્રસિંહ એસ. રહેવર
વાંટડા (હિંમતનગર)



અશ્વિનભાઈ પટેલ
(સાબરડેરી : હિંમતનગર)
(વ્રજગાર્ડન સોસાયટી)
પટેલનામુવાડા(બાયડ)



હની કે. અરોરા
(પૂજારા મોબાઈલ શોપ)
બાયડ, જિ.અરવલ્લી



કાશ્રી નિશીથ શાહુ
બાયડ(વડોદરા)

## જિલ્લાની કોરી ધાક્કોર નદીઓમાં ખનિજ ચોરી વકરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વરસાદની ઘટના કારણે નદીઓ ભરચોમાસે કોરી ધાક્કોર રહી છે. પાણીનું વહેણ નદીઓમાં વહેતું ન થતાં હાલના સમયે ખનિજ ચોરોને ગેરકાયદે ખનિજ ખોદકામ કરવા માટે મોકળુ મેદાન મળ્યું છે. બંન્ને જિલ્લામાંથી પસાર થતી નદીઓમાં ખનિજ ચોરીનું દૂષણ વકર્યું છે પરંતુ ભૂસ્તર વિભાગ જાણે કે મોન્સૂન હોલીડે મનાવતું હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. જિલ્લાની મેશ્વો, માઝૂમ, હરણાવ, વાત્રક સહિતની નદીઓમાં ધોળે દિવસે ગેરકાયદે ખનિજ વહન થતાં આડેધડ ખોદકામથી આગામી વરસાદની સ્થિતિમાં નદીઓનાં વહેણ બદલાય તેવી દહેશત ઉભી થઈ છે.

**ભૂસ્તર વિભાગ મોન્સૂન હોલીડે મનાવતું હોય તેવું ચિત્ર ઉપસ્યું**

ખનિજ ચોરો માટે બંન્ને જિલ્લા સ્વર્ગ સમાન સાબિત થઈ રહ્યા છે. નદીના પટમાં રેતી, કાંકરો ખોદવા માટે અપાતી લીઝ કરતાં પણ ચારગણું ખનિજ ગેરકાયદેસર રીતે ખોદકામ થઈ પગ કરી જતું હોય છે. જિલ્લાની મોટાભાગની નદીઓમાં આડેધડ ખોદકામના કારણે પાછલા કેટલાક વર્ષોથી નદીનાં વહેણ બદલાયાં છે જેથી ખેડૂતોની ફળદ્રુપ જમીનો ચોમાસામાં તહસ નહસ થઈ રહી છે. ખાણખનિજ વિભાગ દ્વારા ખનિજ ચોરી પકડવા માટે થોડાક સમય માટે દેખાડારૂપ કામગીરી થતી હોવાના કારણે ખનિજ ચોરો બેફામ બન્યા છે. જિલ્લામાં વરસાદની ઘટના કારણે નદીઓમાં પાણી હજુ આવ્યું નથી. બેકાંઠે નદીઓ વહેતી થઈ ન હોવાથી નદીના ખુલ્લાપટમાં આડેધડ ગેરકાયદે ખનિજ ખોદકામ થઈ રહ્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી ખનિજ ચોરીનું દૂષણ વધ્યું છે છતાં ખાણખનિજ વિભાગ કુંભકર્ણની નિંદ્રામાં પોઢતું હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. ખનિજ ખોદકામમાં નીતિનિયમો નેવે મૂકી ધરાર ગેરકાયદે પ્રવૃત્તિઓ થાય છે. જેના કારણે નદીના સપાટપટ ઠેકઠેકાણે મોતના કૂવા જેવા બની રહ્યા છે.

## હિંમતનગરના ટાઉનહોલ ખાતે શહેરી જનસુખાકારી દિવસે જિલ્લાની ૬ નગરપાલિકાઓમાં રૂ. ૫૨,૫૦૦ કરોડના ચેક અપાયા

**૪ નગરપાલિકામાં અંદાજે રૂ. ૩૮.૭૨ કરોડના લોકાપર્ણ તથા ત્રણ નગરપાલિકામાં રૂ. ૮૮.૩૯ કરોડના ખાતમૂહર્ત રીમોટ કંટ્રોલ દ્વારા મંત્રીશ્રીના હસ્તે કરાયા**

બાયડ તા.૮

રાજય સરકારને પાંચ વર્ષ પૂર્ણ થયાના અવસરે ૧લી ૯ ઓગસ્ટ સુધી વિવિધ દિવસોની ઉજવણી કરીને લાખો લોકોને કારોડોના કામ લોકાપર્ણ-ખાતમૂહુર્ત થી ગુજરાતની જનતાને આપ્યા છે. આજે તા. ૮ ઓગસ્ટના રોજ શહેરી જનસુખાકારી દિને રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ શહેરોની કાયાકલ્પ કરવા વિકાસની વણઝાર સર્જીને ગુજરાતના શહેરોને ઉત્તમથી સર્વોતમ બનાવવાની પ્રતિબધ્ધતા સાથે મક્કમ ગતિથી આગળ વધી રહી છે. તેમના સાશનમાં તેમની ટીમમાં કામ કરવાના અવસરે ગૌરવ અને આનંદની લાગણી વ્યક્ત કરૂ છું અને હિંમતનગરની જનતાને અભિનંદન પાઠવું છું કેન્દ્ર અને રાજ્યની સરકારે સૌના સાથ સૌના વિકાસ અને સૌના વિશ્વાસથી જનતાની સમસ્યાઓના નિરાકરણ માટે લોકોપયોગી કામો શહેરી વિસ્તારમાં હાથ ધર્યા છે.



હિંમતનગરના ટાઉન હોલ ખાતે અન્ન અને નાગરીક પુરવઠા અને ઉધોગ રાજ્ય મંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતુ કે, આજે સાબરકાંઠા જિલ્લાની છ નગરપાલિકાઓમાં વિકાસના કામોનું લોકાપર્ણ અને ખાતમૂહુર્ત કરતા ખુશી વ્યક્ત કરૂ છું.

આ કામોમાં હિંમતનગર નગરપાલિકાના રૂ. ૬.૨૦ કરોડના ખર્ચે નવિન ભવન, ઓવરબ્રિજનુ કામ, ખેડબ્રહ્મા વોટર્સ વર્કર હરણાવ નદિ કિનારે રીવરફ્રન્ટ તથા તલોદના ઓવરબ્રિજના કામ મળી કુલ રૂ. ૮૮.૩૯ કરોડના કામો ચાર નગરપાલિકામાં ટીપી રોડ, રેન બસેરા મકાન, સોલાર પ્લાન, હિંમતનગર ઈડર, ખેડબ્રહમા તથા પ્રાંતિજમાં રૂ. ૩૮.૭૨ કરોડના ખર્ચે તૈયાર થયેલા સીવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું લોકાપર્ણ કરાયું હતું. તથા છ નગરપાલિકાને રૂ. ૫૨,૫૦૦ કરોડના ચેક મહાનુભાવોના હસ્તે નગરપાલિકાના પ્રમુખશ્રીઓને અપાયા હતા. સરકાર આપના દ્વારે આવીને રોડ-રસ્તા, આરોગ્ય, શિક્ષણ, લાઈટ, ગટરલાઈન સહિતની પાયાની સુવિધા જયારે ખેડૂતો માટે સાત પગલા યોજના અમલમાં મુકી છે. સાથે સાથે શહેરી અને ગ્રામ્ય અને વિસ્તારોમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અમલી મુકી છે. શહેરમાં અનેક નવિન ટાઉન પ્લાનિંગ,ટી.પી ડી.પી મંજૂર કરીને લોકોને ભૌતિક સુવિધાઓ આપી છે. આધુનિક ટાઉન પ્લાનિંગ માટે રૂ. ૧૫૦૦ કરોડથી વધુના કામોને મંજૂરી આપી છે. મંત્રીશ્રી જાડેજાએ જણાવ્યું હતું કે, વિકાસ એ નિરંતર ચાલતી પક્રિયા છે. તે આપવા સરકાર સુંદર કામગીરી કરી રહી છે. આજે ૪૦ સ્થળોએ અનેક વિકાસના કામોની ભેટ જનતાને મળી છે. આ પ્રસંગે કલેકટર શ્રી હિતેષ કોયાએ સૌને સ્વાગત આવકાર આપ્યો હતો અને નગરપાલિકા પ્રમુખ શ્રીમતી યતિનબેન મોદીએ પ્રાસંગિક પ્રવચન કર્યુ હતં. કાર્યક્રમમાં પ્રાંતિજના ધારાસભ્ય શ્રી ગજેન્દ્રસિંહ પરમાર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી નીતિન સાંગવાન, સંગઠન પ્રમુખશ્રી જે.ડી. પટેલ, સાબરકાંઠા ડીસ્ટ્રીટક બેંકના ચેરમેનશ્રી મહેશભાઈ પટેલ, નગરપાલિકાના પ્રમુખશ્રીઓ, ચીફ ઓફિસર શ્રીઓ તથા નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રાજ્યકક્ષાના કાર્યક્રમને નીહાળ્યો હતો.

## શ્રાવણ માસના પવિત્ર તહેવાર નિમિત્તે ધાનેરા નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી કિરણબેન સોની દ્વારા કતલખાના બંધ કરાવતા લોકોમાં ખુશીનો માહોલ

ધાનેરા, તા. ૮

ધાનેરા વિશ્વ હિન્દુ પરિષદ તેમજ ધર્મપ્રેમી જનતા તરફથી ડો,એમ એસ. અગ્રવાલ તેમજ ભીખાભાઈ પુરોહિતની આગેવાની હેઠળ આજે ધાનેરા મામલતદાર,ધાનેરા પોલીસ, મદદનીશ કમિશનરશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, પ્રાદેશિક અધિકારીશ્રી પાલનપુર રીઝીનલ ઓફીસ, તેમજ ધાનેરા નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી કિરણબેન સોનીએ ધાનેરામાં ચાલતા ગેરકાયદેસર કતલખાના સોમવારથી શરૂ થતા શ્રાવણ માસમાં હિન્દુ સમાજના લોકોની ધાર્મિક લાગણી ના દુભાય અને પવિત્ર શ્રાવણ મહિનામાં પશુ-પક્ષીઓની થતી હત્યા રોકવામાં આવે તે માટે ધાનેરાના તમામ કતલખાના બંધ કરાવવા માટે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું, આવેદનપત્રમાં જણાવ્યા મુજબ જુની સ્ટેટ બેંક સામે,તેમજ અન્ય જગ્યાએ






ગેરકાયદેસર રીતે અને લાયસન્સ વગર જ ભારતીય ફોજદારી ધારાની જોગવાઈઓનો ભંગ કરીને તેમજ વેટરનરી ડોકટર દ્વારા તપાસ કર્યા વગર પશુઓનુ કતલ કરીને માંસનુ વેચાણ કરે છે ધાનેરામાં ચાલતી માંસની દુકાનોમાં ક્રુડ અને પશુઓ ઉપર અત્યાચાર અટકાવવાના કાયદાઓ અને નિયમોથી વિરુધ્ધ રીતે દુકાનોમાં પશુઓની કતલ કરવામાં આવે છે અને જાહેર રસ્તા ઉપર ફેંકવામાં આવતા માંસના ટુકડાઓના કારણે વાયરસ અને બેકટેરિયલ રોગો ફેલાવાની શકયતા ખુબ વધી જાય છે ભુતકાળમાં માનવજાતમાં વાઈરસ અને બેકટેરિયાના ટ્રાન્સમિશનથી માણસ જાતે ભયંકર મહામારીઓ ભોગવવી પડી છે માનવજાતને રોગચાળાથી બચાવવા માટે અને ભવિષ્યમાં કોઈ મહામારી ના ફેલાય તે માટે પણ માંસનુ ગેરકાયદેસર વેચાણ કરતી તમામ દુકાનો માંસનુ વેચાણ કરતા યુનિટો તાત્કાલિક બંધ કરાવવામાં આવે તેવી માંગણી કરી હતી,આવેદનપત્ર આપવાની સાથે જ ધાનેરા નગરપાલિકા ના પ્રમુખ શ્રીમતી કિરણબેન સોની તાત્કાલિક પોલીસ બંદોબસ્ત સાથે તમામ દુકાનો બંદ કરાવી હતી અને તમામ દુકાનદારોને ચેતવણી આપી હતી કે હવે પછી જો કોઈપણ માંસ કે મટનની દુકાન ખુલ્લી જોવામાં આવશે તો તેવા દુકાનદારને નોટીસ કે જાણ કર્યા વગર દુકાન સીલ કરવાની અને કાયદાની જોગવાઈઓ મુજબ કડક કાર્યવાહી કરવાની ચેતવણી ઉચ્ચારી હતી, કિરણબેન સોની એક મહીલા પ્રમુખ હોવા છતાં આજના તેમના તાત્કાલિક નિર્ણયની ચોમેર પ્રશંસા થઈ રહી છે નગરપાલિકા પ્રમુખશ્રી એ પોતે જ નગરપાલિકાના સ્ટાફ અને પોલીસ બંદોબસ્ત સાથે માંસ-મટન વેચતી તમામ દુકાનો બંદ કરાવી હતી,અને ન્યુ બોમ્બે બિરીયાની નામની એક દુકાન સીલ કરી તમામ માંસ-મટનનો જથ્થો કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## પવિત્ર પાવન શ્રાવણ માસનો શુભારંભ

**શિવાલયોમાં ભાવિક ભક્તોના કીડીયારા ઉભરાશે : શિવાલયોમાં ૐ નમઃ શિવાય,બમબમ ભોલે અને હર હર મહાદેવ...નો નાદ ગુંજશે**

ભિલોડા તા.૮

ભારતીય સંસ્કૃતિમાં વ્રત,ઉપવાસ,આરાધના માટે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પવિત્ર પાવન શ્રાવણ માસનું મહત્વ સૌથી વધુ હોય છે.દેવાધિદેવ ભોળા શિવ શંકર ભગવાનની ઉપાસનાનું પર્વ ભક્તિભાવ પુર્વક ઉલ્લાસથી ઉજવવા શ્રધ્ધાળુ ભાવિક ભક્તો થનગની રહ્યા હતા.આજથી પવિત્ર પાવન શ્રાવણ માસના શુભારંભથી સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં શિવાલયોમાં ૐ નમઃ શિવાય,બમબમ ભોલેનો નાદ ગુંજી ઉઠશે શ્રાવણ માસ દરમ્યાન તહેવારો આવતા હોવાથી શ્રધ્ધાળુ ભક્તોની ભક્તિમાં ઔર વધારો થાય છે.ભક્તિની ભાવના પણ વધુ પ્રબળ બનતી હોય છે.શિવાલયોમાં ત્રણ પ્રહરની પુજાઓ ચાલતી હોવાને કારણે અનેરો ધાર્મિક માહોલ સર્જાતો હોય છે.શિવજીની ઉપાસના માટે પવિત્ર પાવન શ્રાવણ માસને હિન્દુ સંસ્કૃતિમાં ઉત્તમ ગણવામાં આવે છે.શિવ ભક્તોમાં ભારે આનંદ,ઉત્સાહ જોવા મળે છે.ઉપાસના માટે



બીલીપત્ર,ગાયનું દુધ,ધતુરાનું ફુલ,અભિષેક કરી યજમાનોના સતકર્મો માટે ભુદેવોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.એક માસ સુધી બીલીપત્રો મળી રહે તે માટે યોગ્ય વ્યવસ્થા ભક્તોએ કરી છે.ભિલોડા તાલુકાના જુના ભવનાથ સ્વયંભુ ભુવનેશ્વર મહાદેવ મંદીર,વિજયનગર તાલુકાના વિરેશ્વર-શારણેશ્વર મહાદેવ મંદીર,ઈડર તાલુકાના કણયાથ મહાદેવ મંદીર,સપ્તેશ્વર મહાદેવ મંદિર,જાદરના મુધણેશ્વર મહાદેવ,હિંમતનગરના ભોલેશ્વર મહાદેવ મંદીર સહિત બેરણાના શિવ મંદીર,માલપુર તાલુકાના શુલપાણેશ્વર મહાદેવ મંદીર,બાયડના વૈજનાથ મહાદેવ,સોમનાથ મહાદેવ,ધનસુરાના કપીલેશ્વર મહાદેવ મંદીર સહિત હજ્જારો શિવાલયોમાં આજે શ્રાવણ માસના પ્રારંભ સાથે વહેલી પરોઢથી શિવાલયોમાં ભક્તો શિવ મંદીરમાં આરતીમાં ભાગ લઈ શિવલીંગ ઉપર બીલીપત્ર,દુધ ચઢાવી ભોળા શિવ શંકર ભગવાન,શિવ આષુતોષના આશિર્વાદ મેળવવા પ્રયાસો કરશે જ્યારે શ્રાવણ માસમાં ભગવાન ભોળાનાથના અનેક ભક્તો નકોરડા ઉપવાસ કરવાની સાથે-સાથે દાઢીધારી બની જશે અને શિવાલયોમાં ૐ નમઃ શિવાય,બમબમ ભોલે અને હર હર મહાદેવનો નાદથી ગુંજી ઉઠશે તેમ શ્રધ્ધાળુ ભાવિક ભક્તોએ જણાવ્યું હતું.

## આજે મેઘરજની પી.સી.એન.હાઈસ્કૂલ ખાતે સહકાર મંત્રીની ઉપસ્થિતિમાં 'વિશ્વ આદિવાસી દિવસ' કાર્યક્રમ યોજાશે

### આજે ભીલોડાના એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલ ખાતે વિધાનસભા દંડકશ્રીની ઉપસ્થિતિમાં "વિશ્વ આદિવાસી દિવસ" કાર્યક્રમ યોજાશે

બાયડ,ભિલોડા તા.૮

આજે ૯ મી ઓગસ્ટ રાજ્ય સરકારના પાંચ વર્ષ પૂર્ણ નિમિત્તે અરવલ્લી મેઘરજના પી.સી.એન.હાઈસ્કૂલ ખાતે સહકાર, રમત-ગમત યુવા તથા સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને વાહન વ્યવહારના રાજ્ય કક્ષાના મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલની અધ્યક્ષતામાં "વિશ્વ આદિવાસી દિવસ" સવારે ૧૦.૦૦ કલાકે કાર્યક્રમ યોજાશે.

જેમાં મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલની અધ્યક્ષતામાં મેઘરજ તાલુકાના પાંચાલ પ્રાથમિક શાળા નંબર-૧ ખાતે હળપતિ આવાસના ૧૫ લાભાર્થીઓને હુકમ વિતરણ તથા થયેલ ૪ કામોના લોકાર્પણ કરાશે.

આજે ૯ મી ઓગસ્ટ રાજ્ય સરકારના પાંચ વર્ષ પૂર્ણ નિમિત્તે અરવલ્લી ભીલોડાના એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલ, શામળાજી ખાતે વિધાનસભા દંડકશ્રીની ઉપસ્થિતિમાં "વિશ્વ આદિવાસી દિવસ" સવારે ૧૦.૦૦ કલાકે કાર્યક્રમ યોજાશે.

જેમાં વિધાનસભા દંડકશ્રી પંકજભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં ભીલોડાના એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલ, શામળાજી ખાતે હળપતિ આવાસના ૨૪ લાભાર્થીઓને હુકમ વિતરણ થયેલ ૪ કામોના લોકાર્પણ કરાશે.

આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીના, જિલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવેટીયા, નિવાસી અધિક કલેકટરશ્રી પ્રદિપસિંહ રાઠોડ, તથા વિવિધ વિભાગોના અધિકારશ્રીઓ ઉપસ્થિત રહેશે.